# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

કોઈ પૂછે ને એમ કહેવું કુશળ નથી,
સમજો છો એટલું એ ખરેખર સરળ નથી.

બીજી અનેક જાતના ફૂલો છે બાગમાં,
કાદવ નથી ને એથી ખીલેલાં કમળ નથી.

જે અન્યને કહું તે કહી ના શકું તને,
તારી ને મારી વચ્ચે હજી કોઈ છળ નથી.

વર્ષો પછી તે એકબીજાથી અલગ થયાં,
કારણ અગર મિલનનું કોઈ પણ સબળ નથી.

અહીંથી જવું છે તોય જવાતું નથી હજી,
ઈચ્છા જ જાણે અહીંથી જવાની પ્રબળ નથી.

- ભરત વિંઝુડા

## પાથેય

- રમેશ ઠક્કર

# છે અને નથીની જુગલબંધી..!

આપણે જેને સરળ કે સહજ માનીએ છીએ એ ઘણીવાર એટલું આસાન હોતું નથી.કોઇ પૂછે કે "કેમ છે?" એટલે સહજપણે આપણે કહીએ છીએ કે મજા છે..એ શબ્દો મોટાભાગે યંત્રવત્ બોલાયેલા હોય છે.એમા જીવંતતા અનુભવાતી નથી.મજા કોને કહેવાય? સુખ શું છે? એ શોધવામાં આખી જિંદગી ઓછી પડતી હોય છે.જે લોકો એ શોધી નાખે છે એ આસાનીથી એની ફોર્મ્યુલા શબ્દ કે વાણી થકી વ્યક્ત કરી શકતા નથી.આવી ગહન વાત સામાન્ય રીતે આપણે માત્ર એકાદ બે શબ્દોમાં કહી નાખીએ છીએ! કવિને આ બાબતનું વિસ્મય છે !

સૌ કોઈ મોટા ભાગે પોતાના કન્ફર્ટ ઝોનમાં જીવતા રહે છે.નાનું અમથું સુખ પણ આપણને ખૂબ વહાલુ લાગે છે.એ સુખની આસપાસ કોઈ આવે ગમતું નથી. આમ જોઈએ તો જીવન એક ઘડતર છે. અહીં દરેક મિનિટે આપણે કોઈને કોઈ જંગ જીતવાનો છે.આસપાસ જાણે કાદવ પથરાયેલો છે .એમાં આપણે કમળની માફક ઊગી નીકળવાનું છે.જગતમાં જે કોઈ પ્રતિભાઓ પ્રગટે છે,એ મુસીબતોની સામે ટક્કર લઈને પોતાનું અસ્તિત્વ સાબિત કરે છે.સુખી સંજોગોમાં બધી કલાઓ ખીલી ઊઠે.તોફાનોની વચ્ચે જે હસતા રહી શકે એવા લોકો વિરલ હોય છે.

સંબંધોની એક શિસ્ત હોય છે.એમાં નક્કી થયેલી પ્રોસિજર કે કાયદાનું પાલન જરૂરી નથી હોતાં.લાગણીઓ સ્નેહ, વિશ્વાસના "કોડ ઓફ કન્ડક્ટ" ઉપર એ ચાલતા રહે છે !એમાં જરા સરખી ચૂક થાય તો એને ભાંગી જતા વાર નથી લાગતી.સંબંધોની ફોર્મ્યુલા અલગ પ્રકારની છે.એને નિભાવવા કોઠાસૂઝ જોઈએ.આપણા પ્રયત્નો જરૂર કામ કરતા હોય છે,પરંતુ માત્ર પ્રયત્નપૂર્વક ચાલતા હોય એવા સંબંધો બહુ જૂજ હોઇ શકે.આપોઆપ ખીલતા રિલેશનની મજા છે.એની સુવાસ પણ આપમેળે પ્રસરતી રહે છે...

બે માણસો વચ્ચે જ્યારે કોઈ ઓળખાણ ના હોય છતાં ક્યારેક એકબીજા સાથે આત્મીયતા અનુભવી શકતા હોય છે..વર્ષો સુધી એકબીજાની સાથે સંબંધ નિભાવતા માણસો પળવારમાં અલગ થઈ જાય છે.ઘણીવાર અજાણ્યા લોકોની સાથે એકાદ મુલાકાતમાં પણ અંતરંગ બની જવાય છે.

કોઈ એક જગ્યાએથી સ્થળાંતર કરીને જવાની દિશા હોય.ઉપર ઊઠવાની તાલાવેલી હોય,એ માટેના તમામ સાધનો પણ હોય,બધું જ હોય છતાં એ પર્યાપ્ત હોતું નથી.મનમાં પ્રબળ ઈચ્છાનો સંકલ્પ હોય એ એક જ ચીજ જરૂરી છે.ઉત્થાન માટે જરૂરી હૈયાની હામ જ હોય છે.છે અને નથીની આ જુગલબંધી દ્વારા કવિ જીવનનાં ઘણાં સત્યોને આપણી સમક્ષ ઉજાગર કરી જાય છે...

# મેં બંને ફેમિલીનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી દીધું



સ-રસ

મમતા બુચ

"શું, જીગા, મજામાં?" મારા જીગરજાન મિત્ર હર્ષિતે મારા ખભ્ભા ઉપર ધબ્બો માર્યો. મેં કહ્યું, "ઓહ યસ, ઓલ વેલ." એ કહે, "ક્યાંય ફરવા જવાનો વિચાર થાય તો કહેજે. કૃતિકા પાછળ પડી છે. કહે છે કે હમણાંથી ક્યાંય ગયાં નથી. છોકરાંઓ પણ ઘરે રહીને કંટાળ્યાં છે." મેં કહ્યું, "હા, મને પણ ઘરેથી ફરવા જવા માટે હમણાંથી બહુ દબાણ કરવામાં આવે છે." એ ખુશ થઈ ગયો. મને કહે, "ચલ, તો બનાય પ્રોગ્રામ."

મેં કહ્યું, "જો ભાઈ, હમણાં-હમણાં ખર્ચાઓ બહુ થઈ ગયા છે. એટલે બહુ દૂર જવું મને પોષાય એમ નથી." એ કહે, "તેં તો મારા મનની વાત કરી દીધી. આ તો ઘરનાં બધાં પાછળ પડ્યાં છે એટલે....સાપે ય મરે ને લાઠી ય ના ભાંગે એવો કોઈ રસ્તો શોધી કાઢ ને!"

મેં કહ્યું, "સિંહ...." એ બોલી ઉઠ્યો, "ના હોં, તું મને સાવ બેવકૂફ ના સમજ! આ કહેવતમાં સાપ જ આવે, સિંહ નહીં!" મેં કહ્યું, "અલ્યા, તું સાંભળ તો ખરો! હું એમ કહું છું કે આપણે સાસણમાં સિંહ જોવા જઈએ તો?" એ જરા વિચારમાં પડ્યો. મેં કહ્યું, "ગીરનું જંગલ તેં જોયું છે? અત્યારે ઉનાળાની સીઝનમાં સિંહ પાણી પીવા બહાર આવતા હોય છે. આપણું નસીબ હોય તો જોવા મળે પણ ખરા. એડવેંચરનું એડવેંચર ને પ્રવાસનો પ્રવાસ!" હર્ષિત ખુશ થઈ ગયો. "જિગીશ, તું, યાર, માસ્ટર-માઈન્ડ છે. ચલો, ક્યારે જવું છે?" મેં કહ્યું, "એમ ગમે ત્યારે ના જવાય. રજિસ્ટ્રેશન કરાવીએ તો આપણને જ સારું રહે." હર્ષિત ફરીથી ખુશ થઈ ગયો, "તું, યાર, ફરીથી માસ્ટર-માઈન્ડ છે!"

મેં બંને ફેમિલીનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી દીધું. મારા ઘરમાં પણ બધાં બહુ ઉત્સાહિત હતાં. હાર્દી અને મોન્ટુએ તો એમના દોસ્તોમાં જાહેર પણ કરી દીધું હતું કે એ લોકો "લાયન" જોવા જવાનાં છે! તો બીજી તરફ હર્ષિતનાં બંને બાળકો અભિ અને ઋત્વી પણ ખુશ-ખુશ હતાં.

રાજશ્રી અને કૃતિકાની "ટેલિફોનિક મિટિંગો"નો દોર ચાલુ થઈ ગયો હતો! એક દિવસ તો રાજશ્રીની વાત મારે કાને પણ પડી: "કહું છું, કૃતિકાભાભી, મારી પાસે પિંક શેડમાં લિપસ્ટિક નથી. તો કઈ કંપનીની લેવી સારી- લેક્મે કે બીજી કોઈ?" મેં ધીમેકથી હસતાં-હસતાં કહ્યું, "પ્રિય રાજશ્રી, આપણે ત્યાં સિંહ જોવા જઈએ છીએ. સિંહ આપણને જોવા નથી આવતો!" એણે છણકો કર્યો, "તમે કોઈ દા'ડો નદી-નાળાં કે ઢેખાળા જોવા ય લઈ ગયા છો? આ તો ભલું થજો હર્ષિતભ'ઈનું કે એમને કારણે ભર્યા ભવમાં એક પ્રાણી જોવા તો જઈએ છીએ! બાકી અહીં તો ઘરનાં માણસો સિવાય બીજાં માણસો ય જોયાં નથી!" મને વધુ બોલવું હિતાવહ ન લાગ્યું.

નક્કી કરેલા દિવસે ને સમયે અમે સાસણ જવા ઉપડ્યાં. રસ્તામાં ભરપૂર મોજ-મસ્તી કરતાં સૌ ગીરના જંગલ પાસે આવી પહોંચ્યાં. સિંહ જોવા બધાં એક્સાઈટેડ હતાં. ત્યાં રાજશ્રીએ મમરો મૂક્યો, "કહું છું, થોડો નાસ્તો કરીને જંગલમાં જઈએ તો? મેં બહુ મહેનત કરીને સુખડી બનાવી છે." મેં હસતાં-હસતાં પૂછ્યું, "કેમ, સિંહ કદાચ ભૂખ્યો હોય ને આપણને શિકાર બનાવે તો એને "ફીસ્ટ" મળી જાય એટલે?" એમાં તો વાતાવરણ ગંભીર બની ગયું. મોન્ટુએ દબાતા સ્વરે પૂછ્યું, "પપ્પા, લાયન અટેક કરે તો આપણે ગન-બન એવું કંઈ લાયા છીએ?"

હું હસી પડ્યો. "અરે, ના રે બેટા, હું તો મજાક કરું છું. આપણી જોડે ગાઈડ હશે. એને સિંહો ઓળખતા હોય. ચલો બધાં બિન્દાસ સિંહદર્શન કરવા!" ઋત્વી બોલી ઊઠી, "એક મિનિટ અંકલ, આપણે અહીં સિંહ જોવા આયાં છીએ કે કશે દર્શન કરવા?" મેં કહ્યું, "બેટા, સિંહ વનરાજ છે." એ મારી સામે વિમાસણભરી દ્રષ્ટિએ તાકી રહી. મેં કહ્યું, "આઈ મીન, એ જંગલનો કિંગ છે. એટલે એને ઈચ્છા થાય તો દર્શન આપે. નહીં તો આખો દિવસ રાહ જોવડાવીને પણ બહાર ન નીકળે." એ મલકી, "ઓહ, એ સેન્સમાં કહો છો! અમને તો એમ કે લાયન જોવાનું કહીને અમને કોઈક ટેમ્પલનાં દર્શને લઈ નથી જતાં ને?" મેં કહ્યું, "ના, એવી ધૃષ્ટતા આજની પેઢી સાથે થાય?" એ ફરી મારી સામે તાકી રહી. હાર્દી કહે, "ઋત્વી, તું પપ્પાના શબ્દો સામું ના જોઈશ. એ એવા-એવા શબ્દો વાપરે છે ને........ઘણી વાર તો એમ થાય કે એ એલિયન છે ને પોતાની ભાષા હજી ભૂલ્યા નથી!"

અમારી જંગલમાં પ્રવેશવાની ઘડી આવી ગઈ. ગાઈડ અમારી સાથે જોડાઈ ગયો. એ સ્વભાવે મજાકિયો અને ઉત્સાહી હતો. અમને એણે કેટલીક સૂચનાઓ આપી અને પછી અમે જંગલના રસ્તે જીપમાં ઉપડ્યાં.

અમે બધાં એકદમ "એલર્ટ મોડ" પર હતાં. ખાસ કરીને બચ્ચા-પાર્ટી ઘણી એક્સાઈટેડ હતી. એમની અંદરોઅંદરની વાતચીત મને સંભળાતી હતી. "એ ય મોન્ટુડા, આ ગાઈડે જેવાં કપડાં પહેર્યાં છે એવા કલરનાં કપડાં આપણે પહેરીએ તો સિંહ આપણને ઓળખી જાય?" "એટલે?" "એટલે એમ કે સિંહ ગાઈડને ખાલી કપડાંના કલરથી ઓળખતો હોય કે એને ચહેરો જોઈને ખબર પડી જાય?" "મને નથી ખબર. હું રોજ અહીં નથી આવતો! ચૂપચાપ બેસી રહે ને જોયા કર!"

જંગલમાં ફરવાનો અનુભવ અદ્ભૂત હતો. અચાનક હર્ષિત ધીમેકથી બોલ્યો, "એ પેલા ઝાડની પાછળ કંઈક સળવળે છે એ સિંહ જેવું નથી લાગતું?" બધાંના કાન ઊંચા થઈ ગયા. સ્ત્રી-વર્ગમાં ગભરાટ વ્યાપી ગયો.

ગાઈડ હસી પડ્યો. એ કહે, "અહીં તમને બધી જગ્યાએ સિંહ જ દેખાશે! પણ ચિંતા ન કરો. હમ કિસ મર્ઝકી દવા હૈં?" હર્ષિતે ભોળા ભાવે પૂછ્યું, "કિસ મર્ઝકી?" મેં કહ્યું, "એટલે એ એમ કહે છે કે એ સિંહદર્શન કરાવશે. આપણે જાતે તસ્દી લેવી નહીં અને નકામા-નકામા ગભરાવું નહીં અને બીજાને ગભરાવવાં નહીં!" હર્ષિત મોં પર આંગળી રાખીને ચૂપ થઈ ગયો.

ગાઈડ અમને એક જગ્યાએ પાણી હતું એ બાજુ લઈ ગયો. એ કહે, "બધાં ચૂપચાપ બેસી રહો. સિંહના આવવાની શક્યતા અહીં સૌથી વધુ છે. એ પાણી પીવા આવશે." બધાં "હાઈ એલર્ટ મોડ"માં આવી ગયાં. અભિ ધીમેકથી મોન્ટુને કહે, "તું કેમેરા તૈયાર રાખજે. જેવો લાયન દેખાય કે એની સાથે સેલ્ફિ લઈ લેવાની! પછી સ્ટેટસ અપલોડ કરવાનું- એક શામ શેર કે સાથ!" ગાઈડ કહે, "ના હોં! એવું કઈં ન કરતા. એને આવાં અડપલાં પસંદ નથી!"

એટલામાં અમારા સદનસીબે સિંહનો આખો પરિવાર ત્યાં પાણી પીવા આવ્યો. ગાઈડે અમને એ બતાડ્યું. પાણી પીને એનો પરિવાર કાંઠા ઉપર જ ગોઠવાયો. સિંહનાં બે બચ્ચાં ત્યાં રમત કરવા લાગ્યાં. મોન્ટુ ખુશ થઈ ગયો, "એ દેખ અભિ.....કબ!" ગાઈડ કહે, "આ બાબો હિન્દી મીડિયમમાં ભણે છે?" મેં કહ્યું, "ના, ઈંગ્લિશ મીડિયમમાં! એ કબ એટલે ક્યારે એમ નથી પૂછતો, એ કબ એટલે સિંહના બચ્ચાની વાત કરે છે!" ત્યાં ઋત્વી કહે, "ગાઈડઅંકલ, આ સિંહ બિસ્કિટ ખાય ખરો? મારી પાસે 'ઓરીઓ'ની ચોકલેટ ફલેવરનાં બિસ્કિટ્સ છે!" ગાઈડ હસી પડ્યો, "બેબલી, આ સિંહ છે, વાંદરું નથી!"

એટલામાં અભિ જીપથી નીચે ઊતર્યો. અમે બધાંએ એને વારવાનો પ્રયત્ન કર્યો તો એ કહે, "જરા નજીકથી "રીલ" બનાવી લઉં! એ થોડો "પોઝ" આપે એટલી વાર!" ત્યાં તો આરામથી બેઠેલા સિંહે આળસ મરડીને બગાસું ખાધું અને સિંહણે પૂંછડી હલાવી. બધાંના ફોન ફટાફટ સ્વિચ ઓફ થઈ ગયા અને મોંઢાં બંધ! ગાઈડ બગડયો, "તમને ના કહું છું ને, એને હેરાન ન કરો!" તે પછીના સમયમાં અમે સિંહના પરિવારને જોયો એના કરતાં સિંહના પરિવારે અમને વધારે વિસ્મયથી જોયાં!

- mtabuch150@gmail.com

# દીપક પ્રગટાવો, બત્તી ચાલું કરો કે બીજું ગમ્મે તે કરો પણ બળ્યું આ અંધારું દૂર કરો



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

હજી ગયા મહિનાની જ વાત છે, મેં એક મસ્ત ગુજરાતી ફિલ્મ જોયેલી. ફિલ્મનું નામ છે, 'ચલ મન જીતવા જઈએ ભાગ ૨'. આજે એ ફિલ્મમાં કહેલું થોડુંક મારે તમને મારી સ્ટાઈલમાં કહેવું છે. જોકે આમ તો એ આખી ફિલ્મ મને ગમેલી પણ હું અહીંયા જ તમને એની આખી સ્ટોરી કહી દઈને તમારી ફિલ્મ જોવાની મજા ખલાસ નહીં કરું, ઓકે!

ફિલ્મની શરૂઆતમાં જ મક્કમ મનોબળ એટલે શું અને એ કેવી રીતે કેળવી શકાય એની વાત ખૂબ સુંદર રીતે ઉદાહરણ આપી દર્શાવી છે. એમાં જ એક જગ્યાએ ગાંધીજીને યાદ કરાયા છે. એમની પાસે પહેલા વર્ગની ટિકિટ હોવા છતાં ફક્ત ચામડીના કાળા રંગને લીધે એક અંગ્રેજ અધિકારી અપમાન કરી એમને ગાડીમાંથી ઉતારી મૂકે છે.

હવે વિચાર કરો ગાંધીજીની બદલે તમારી સાથે આવું થયું હોય તો તમે શું કરો? જે દેશમાં તમને તમારા રંગને લીધે જબરદસ્તી પૂર્વક ત્રીજા વર્ગમાં સફર કરવાની ફરજ પડાઈ હોય ત્યાં પાછા વળતી વખતે તમે ફરી પહેલાં વર્ગની ટીકીટ લેવાની હિંમત કે ભૂલ કરો ખરાં?

તમારે મને જવાબ આપવાની જરૂર નથી. હું કહું, આપણામાંના મોટા ભાગના લોકો એવી ભૂલ ફરી નહીં કરે. કારણ એટલું જ કે આ વખતે ખબર છે કે આવું કરવાથી અપમાન થઈ શકે છે. જ્યાં ખબર જ હોય કે ફરીથી કોઈ અંગ્રેજ આવીને ધક્કા મારીને ગાડીની બહાર ફેંકી શકે છે, ત્યારે હાથે કરીને વાયડાસ શા માટે કરવી! આપણને સામાન્ય માણસોને પોતાની ઈજ્જત, માન સૌથી વધારે વહાલું હોય છે, ખરું? કોઈ આપણું અપમાન કરી જાય તો એ વાત દિવસો સુધી આપણે ભૂલી નથી શકતા. જે તે સમયે ભલે આપણે અપમાનનો ઘૂંટડો ગળી ગયા હોય પણ એની કડવાશ લાંબા સમય સુધી જીભ પર અનુભવાયા કરે છે. જ્યારે પણ એ ઘટના યાદ આવે આપણને ફરીથી એ સમય જેટલી જ પીડા પહોંચે છે અને એટલે જ બને ત્યાં સુધી આપણે ધ્યાન રાખીએ છીએ કે કોઈ આપણું અપમાન ના કરી જાય.

ગાંધીજીનું અપમાન થયું ત્યારે એમને પણ ખૂબ દુઃખ થયેલું. ખૂબ ગુસ્સો આવેલો. સૌથી વધારે તકલીફ તો સામે કંઈ જ ના કરી શકવાની એમની નિસહાયતા આપી રહી હતી. એ વખતે પાછા ફરતી વખતે ગાંધીજીએ ફરીથી પ્રથમ વર્ગની ટિકિટ કઢાવેલી અને એ વખતે એ પ્રથમ વર્ગના ડબ્બામાં મુસાફરી કરીને એમના નિશ્ચિત સ્થાને પહોંચેલા.

એમને ખ્યાલ હતો કે ફરી અપમાન થવાની શક્યતા છે, એ અપમાનથી પીડા પણ થવાની હતી અને તોય એમણે પહેલાં વર્ગની ટિકિટ લીધેલી. કેમ? આ વાતનો જવાબ આપતા ગાંધીજી કે'છે કે કોઈ બીજું માણસ આવીને અપમાન કરી જાય એ મારાથી સહન થઈ શકે પણ મારો માહ્યલો વારે વારે કહ્યા કરે કે "અરે મોહનદાસ તું ડરી ગયો" એ સાંભળવું મારે મન વધારે કષ્ટદાયક હતું.

કોઈક વળી પાછું કહેશે કે એ તો ગાંધીજી હતા, એ મહાન માણસ હતા એટલે એમનાથી આવું થઈ શકે બધાથી એવું ના થાય. એ મહાન હતા એ વાત સાચી પણ એ મહાન બન્યા એ પહેલાં સામાન્ય માણસ જ હતા એ વાત પણ સાચી ને. એમને સામાન્ય માણસ બની રહેવાને બદલે મહાન માણસ બનવાની પ્રેરણા ક્યાંથી મળી એમ પૂછાયું ત્યારે ગાંધીજી કહે છે જ્યાં પણ મનમાં શંકા જાગી કે હવે મારાથી સહન થઈ શકશે કે નહીં ત્યાં મને મારી બા યાદ આવી ગયેલી...અને એને યાદ કરતા જ મારામાં આપોઆપ હિંમત આવી જતી હતી.

ગાંધીજીના બા પૂતળીબાઈનો એક નિયમ હતો. એ રોજ આકાશમાં સૂરજના દર્શન કર્યા બાદ જ જમતા. ચોમાસાના દિવસોમાં ઘણીવાર એવું થતું કે આકાશ વાદળછાયું હોય અને જમવાને સમયે જ સુરજ આકાશમાંથી ઓઝલ થઈ જતો. એ દિવસે પછી પૂતળી બાઈ ઉપવાસ કરી લેતા. એકવાર તો સતત ત્રણ દિવસ સુધી આકાશમાં સુરજ નહોતો દેખાયો. ગાંધીજી અને એમના બીજા ભાઈબહેન માતાની ચિંતા કરી પરેશાન થઈ રહ્યા હતા. એ બપોરે જમવાનો સમય થાય એવા બહાર નીકળી આકાશમાં સૂર્યને શોધ્યા કરતા. એકાદ વાદળું જરાક હટે ને થોડોક એ દેખાય કે તરત જ બાળકો ઘરમાં દોડી જઈ એમની બાને બહાર ખેંચી લાવતા. હવે થતું એવું કે બા બહાર આવે ત્યાં સુધી સૂરજદેવ પાછા સંતાઈ જતા. કાળનું કરવું તે છેક ચોથા દિવસે પણ બા બહાર આવે એટલામાં સૂર્ય વાદળ પાછળ ઢંકાઈ ગયેલો. ત્રણ દિવસના ઉપવાસ થયેલા અને તોય એ દિવસે બે વાર બહાર દોડી આવ્યા છતાં સૂર્યદેવના દર્શન ના થતાં એમણે સહજભાવે કહી દીધું હતું કે હવે મને બહાર બોલાવશો નહિ, આજે પણ મારે ઉપવાસ કરવાનો હશે.

બાળ મોહનદાસને થતું કે બા કેમ આવું કરે છે? સૂર્ય આગળ વાદળ આવી ગયું છે એટલે એ દેખાતો નથી પણ એ આકાશમાં હાજર તો છે જ ને તો પછી બા શા માટે ઉપવાસ કરે છે! બા કહેતા કે મારું મન કહે છે કે મેં સૂર્ય નથી જોયો એટલે નથી જોયો પછી એમાં કોઈ બહાનું મને સ્વીકાર્ય નથી. એક બે દિવસ ભૂખ્યા રહેવું મને પોસાય છે પણ મેં ભૂખ આગળ હાર માની મારો વરસો જૂનો નિયમ તોડી નાંખ્યો એમ વિચારવું મને નહિ પોસાય. એ મને ભૂખ કરતાં વધારે પીડા આપશે.

આમ જુઓ તો કેટલી નાનકડી વાત છે અને છતાં કેટલી મહત્વની. બાહ્ય અપમાન સહન કરી લેવું સરળ છે પણ પોતાનું જ મન ડંખ દે એ જીરવવું કપરું. રોજબરોજના જીવનમાં કેટલી વાર એવું બનતું હશે કે તમારું મન ના કહેતું હોવા છતાં તમે કોઈ કામ કરતા કે નહિ કરતા હો. વારંવાર મનને મારીને જીવતા હશો...આમ મન મારીને જીવવાની જેને આદત પડી ગઈ હોય એને પછી બહારની દુનિયામાં થતાં અપમાન વધારે દુઃખદાયક લાગવાના.

આજે ગણા લોકો એવું કહેતા જોવા મળશે કે વ્રત, ઉપવાસ શા માટે કરવા જોઈએ? તમને ભૂખ્યા રાખીને ભગવાનને શું ફાયદો થવાનો! એમની વાત બિલકુલ સાચી છે ભગવાનને કોઈ ફાયદો નથી થવાનો પણ ઉપવાસ કરવાથી ઉપવાસ કરનારને ફાયદો ચોક્કસ થવાનો. શરીર સ્વસ્થ રહેશે એ તો ખરું જ ઉપરથી મન મજબૂત થશે એ નફામાં.

ખેર, આપણે ફિલ્મ ઉપર પાછા ફરીએ. મનને જીતવું શા માટે જરૂરી છે? સફળ થવું વધારે જરૂરી છે કે મનને મજબૂત કરવું? ફિલ્મમાં પછીથી આ બધું સમજાવ્યું છે એ પણ કેરી જેવા મસ્ત ફળનું ઉદાહરણ આપીને. જુઓ હું કંઈ ફિલ્મનું પ્રમોશન નથી કરી રહી હોં... ફિલ્મ સફળ જાય તો મને એક પૈસાનો પણ ફાયદો નથી થવાનો અને તોય હું તમને કહીશ કે આ ફિલ્મ તમારે એકવાર તો જોવી જ જોઈએ. તમને આવી ભલામણ કરવી એ મારી ફરજ છે અને એમાં મારો એક છૂપો ફાયદો પણ ખરો. એક સારા અને મજબૂત સમાજનું નિર્માણ થાય જ્યાં બધા લોકો સાચે જ ખુશ હોય, અન્યાય સામે લડી શકતા હોય એવા સમાજમાં જીવવાનો ફાયદો.

**અમસ્તું,**

**તમારા મનમાં અજવાળું હશે ને ત્યાં સુધી બાહ્ય જગતનું અંધારું તમને નહિ નડે.**

@Niyati Kapadia

# જીવનમાં BUSY નહીં પણ B-EASY બનો દોસ્તો , જીવન જીવવાનો જલસો પડી જશે..!



લાગણીનો મેળો

રસિક વાળંદ

**એક બાજુ ફાગણની ફોરમ,**
**એક બાજું વૈશાખની વ્યથા .**
**વચમાં ચૈતર જાય છે ચાલ્યો**
**એ જ રે જાણે જીવન કથા !**

●●●

આપણા ગામડાનાં અભણ પ્રાકૃત જનો ચૈત્રી દનૈયા તપવા પરથી વરસાદનું સચોટ પૂર્વાનુંમાન કરતા... પણ સવાલ એ છે કે આજે માનવી ભણેલો ગણેલો તો બની ગયો છે પરંતુ કુદરતના સંકેતો ઉકેલવા - સમજવા જેટલો હોંશિયાર રહ્યો છે ખરો ? કઠણાઈ તો એ છે કે આજે આપણે વધારે સુશિક્ષિત બન્યાં છીએ પરન્તુ પ્રકૃતિ - કુદરત સાથે તાલમેલ સાધી જીવવાનું ભૂલી ગયાં છીએ. કુદરત સાથેના અસંતુલન ને કારણે દરેક મોસમ કષ્ટદાયી - આપત્તિજનક બનવા માંડી છે. આવનારા દિવસોમાં આ સમસ્યા ગંભીર પરિણામો નોતરી શકે છે...આ માટે સવેળા જાગવાની ને સાબદા રહેવાની જરુર છે. કુદરતના આ ઈશારા - સાનમાં સમજીએ તો ય ઘણું...!!

આ ધરતીના જાયા તરીકે કુદરતની લિપિ ઉકેલતાં અને પર્વોનો પ્રબોધ ગાંઠે બાંધતા શીખીએ તો ખરું.

દોસ્તો , આજે ચૈત્ર સુદ પ્રતિપદા.... મરાઠીઓને મન " ગુડી પડવો "

એક કાળે આપણાં પૂર્વજો એ ટેલીસ્કોપ કે કમ્પ્યુટર વગર ખગોળવિદ્યાના સહારે ' કેલેન્ડર ' બનાવી આરંભ કરેલો...આવાં તો લગભગ ૬૦ જેટલાં સંવત્સરનો ઉલ્લેખ છે. સંવત્સર એટલે જ્યારથી વર્ષની શુભ શરૂઆત થાય એને સંવત્સર કહેવાય. આપણી હિન્દૂ સભ્યતામાં કોઈપણ નવી બાબત કે નવું કાર્ય આરંભવા માટે શુભ દિવસ જ પસંદ કરવામાં આવે છે.એમાંયે દશેરા , વસંત પંચમી , અખાત્રીજ ને આપણે વણજોયાં મુહૂર્ત ગણવામાં આવે છે. એ જ રીતે મરાઠી લોકો ચૈત્ર સુદ પ્રતિપદા -' ગુડી પડવા ' ને નવા વર્ષનો પહેલો દિવસ ગણે છે તો સિંધી સમાજ ' ચેટીચાંદ ' ના દિવસને...આ " ચેટી " કદાચ ' ચૈતી ' - ચૈત્ર પરથી તો નહીં હોય ને ?!!

આ ગુડી પડવા ના દિવસથી શાલિવાહન શક સંવતનો પ્રારંભ થયેલો. વર્ષો પૂર્વે દુષ્ટ શકો એ સંપુર્ણ ભારત વર્ષમાં સામ્રાજ્ય સ્થાપી ભારતીય સંસ્કૃતિનો ઉચ્છેદ કરવા માંડ્યો ત્યારે એક શાલિવાહન જાગ્યા.... એમની સાથે લાખો હિન્દૂ યુવકો જાગ્યા. સ્વપરાક્રમથી શકોનો પરાભવ કરી આ હિન્દૂ દેશમાં પુનઃ સ્વરાજ્યની સ્થાપના કરી. દેશને સ્વતંત્ર બનાવ્યો. મનુના સંતાનો એવાં આ મનુષ્યો દીન ,હીન, દુર્બળ ને જડ - માટીનાં મડદાંમાં શાલિવાહને મર્દાનગી પ્રગટાવી. પથ્થરના પૂતળાંમાં પૌરુષ અને પરાક્રમ જગાડયા. આવાં મૃત માનવો ને " અમૃતસ્ય પુત્રા " કહી કાન ફૂંકી તેમને પુરુષાર્થી અને પરાક્રમી સાંસ્કૃતિક વીર થવાની પ્રતિજ્ઞા લેવડાવી ઉભા કર્યા.

દોસ્તો , આ જ દિવસે ભગવાન રામચંદ્રજી એ વાલીના ત્રાસમાંથી દક્ષિણની ભૂમિને મુકત કરી હતી એવી લોકમાન્યતા પ્રચલિત છે. વાલીના ત્રાસમાંથી મુકત થયેલી પ્રજાએ ઘેર - ઘેર ગુડીઓ - ધ્વજ રોપી ઉત્સવ મનાવ્યો. એ પરંપરા આજે પણ ગુડી (ધજા) પડવો (ચંદ્રના તબક્કાનો પ્રથમ દીવસ) ના નામે ઉજવાય છે. ગુડી ચઢાવવાથી ઘરમાં સુખ - સમૃદ્ધિ આવે. આખું વર્ષ સુખ શાંતિ બની રહે એવી શુભ ભાવના જોડાયેલી છે. ગુડી ચઢાવનારે આત્મ નિરીક્ષણ કરવાનું હોય , મારા મનની વાનર વૃત્તિ - ચંચળતા દુર થઈ ખરી ? મન શાંત, સ્થિર અને સાત્વિક બન્યુ ખરું ? ગુડી જ આપણને પ્રબોધે છે કે, તું પણ અસત માંથી સત તરફ જઈ શકે છે.દુર્ગુણો ત્યજી સદ્ ગુણો તરફ વળી શકે છે. તો જ ઉજવણી લેખે લાગે. ઠંડીની વિદાય અને ગરમીનો આરંભ - ઋતુ સંક્રમણને લીધે વાયરસ બેક્ટેરિયા સક્રિય થવા લાગે ગડ ગુમડ ને ચામડી ના રોગનો ઉપદ્રવ વધે એટલે જ સાકર અને લીમડાનો પ્રસાદ. ધાર્મિકતા અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ...ઉન્નત જીવન સાથે સ્વસ્થ જીવન...કેવો ઉદાત્ત સમન્વય !!

આપણા દેશમાં ઉજવાતા દરેક તહેવાર પાછળ કોઈને કોઈ સાંસ્કૃતિક , ધાર્મિક ,સામાજિક કે રાજકીય મહત્વ જોડાયેલું છે. તહેવારો ઘરેડબદ્ધ જીવાતા નીરસ, કાંટાળા રુપ જીવનને નવી તાજગી બક્ષે છે. કાકા સાહેબના મતે તો આ' જીવતા તહેવારો ' માનવ જીવનમાં આનંદ - સુખ ચેનમાં વધારો કરે છે. જીવન જીવવા યોગ્ય બનાવે છે.ઉત્સવો થકી જ આપણે સંસ્કૃતિનું જતન કરી શકીએ છીએ.તેનુ મહત્વ સ્મરણમાં રાખી શકીએ છીએ.એટલે ઉત્સવ પરમ્પરા ટકાવી રાખવી અત્યન્ત આવશ્યક છે.સાથે સાથે તેનુ પોત પણ જળવાઈ રહે એ પણ એટલું અગત્યનું છે.

આજે ઉજવણીનાં રૂપરન્ગ બદલાયા તો છે પરન્તુ તેનો આશય ,હેતુ કે કારણ વિસરાઈ ન જાય એ જરુરી છે.આપણી પ્રાચિન પરમ્પરા અને સાંસ્કૃતિક મૂલ્યો ટકી રહે એનું ખાસ ધ્યાન રાખવું જરુરી છે. આધુનિકતાના નામે ખોટી દેખાદેખી,દંભ અને આડંબરભરી ઉજવણી વૃધ્ધો , બીમાર ,વિદ્યાર્થીઓ અને પ્રજા માટે દુઃખદાયી સાબીત થતી હોય છે.તહેવારો તમાશામાં તબદીલ થાય એ વિચારણીય બાબત છે. ખેર , કાકા સાહેબે તો " તહેવારો આપણા ભેરુ છે " એમ કહ્યું છે પ...ણ.. આપને પ્રત્યેક પર્વની સાત્વિક ઉજવણી કરીએ તો...!!

**સ્પર્શમણિ :**

જીવનમાં **BUSY** નહીં પણ **B-EASY** બનો દોસ્તો , જીવન જીવવાનો જલસો પડી જશે..!

●●●●

દોસ્ત , વિતાવશું તો ઉંમર છે , પણ જીવશું તો જિંદગી છે...!!

●●●●

- rasikvaland 1965@gmail.com
- 9913426949